# ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા આયોજિત આઈચેકઅપ કેમ્પ દ્વારા ૩૦૦થી વધુ જરૂરિયાતમંદ દર્દીઓ લભાન્વિત

■ બ્યુરો દ્વારા
■ અમદાવાદ, તા. ૪

ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા સીએસઆર પહેલ અંતર્ગત પ્રાથમિક શાળા લીંભેટ, તાલુકો ઝઘડિયા ખાતે નિઃશુલ્ક આંખ તપાસ અને સારવાર કેમ્પ આયોજિત કરવામાં આવ્યો હતો. આ કેમ્પમાં સેવા રૂરલ, ઝઘડિયાના નિષ્ણાત તબીબોએ સેવા આપી હતી.

આ કેમ્પનો વધુ ને વધુ જરૂરિયાતમંદ દર્દીઓ લાભ લઈ શકે તે હેતુથી ડીસીએમ શ્રીરામ લિમિટેડની સીએસઆર ટીમ દ્વારા છેલ્લા કેટલાક સમયથી પુરજોશમાં પ્રચાર કરવામાં આવેલ હતો. જેના પરિણામ સ્વરૂપે નજીકના ૨૬ જેટલાં ગામોમાંથી ૩૦૦થી વધુ જરૂરીઆતમંદ દર્દીઓએ નિઃશુલ્ક નેત્ર તપાસનો લાભ લીધો હતો. જે ઉપરાંત, ૨૨૬ દર્દીઓને મફત દવા, ચશ્મા આપવામાં આવ્યા અને મોતિયા તેમજ ઝામરના ૪૪ જેટલાં દર્દીઓમાંથી ઓપરેશનની તાત્કાલિક જરૂરિયાતવાળા ૨૦ દર્દીઓને સેવા રૂરલ, ઝઘડીયા ખાતે ડીસીએમ શ્રીરામ લિમિટેડ દ્વારા નિઃશુલ્ક ઓપરેશન કરવામાં આવ્યા જ્યારે બાકીના ૨૪ દર્દીઓનો આવનારા સમયમાં સર્જરી કરી આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, શ્રીરામ અલકલી એન્ડ કેમિકલ્સ, ઝઘડીયા (ડીસીએમ શ્રીરામનું યુનિટ) દ્વારા છેલ્લાં ૨ વર્ષમાં ૪ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેના થકી ભરૂચ જિલ્લાના ઝઘડીયા, અંકલેશ્વર અને વાલિયા તાલુકાના લગભગ ૧૦૦૦થી વધુ જરૂરીઆતમંદ દર્દીઓને નિઃશુલ્ક સારવારનો લાભ આપવામાં આવ્યો.